ફોજદારી કેસ નંબર ૪૦૬/૨૦૧૮

**<u>બચાવપક્ષની આંક–૭૫ની પુરાવાનો હકક ઓપન કરવાની અરજી લગત હુકમ</u>**

૧. હાલની અરજીમાં બચાવપક્ષે ગત મુદત તારીખ ૫/૮/૨૦૨૫નાં રોજ પુરાવાનો હકક બંધ કરેલ છે તે હકક ખુલો કરવા અરજી આપેલ છે. તે અંગે રેકર્ડ ઉપરના એડવોકેટશ્રીએ અઢી માસ પહેલા બાળકનો જન્મ થયેલ હોય જેથી કોર્ટ સમક્ષ હાજર રહી કાર્યવાહી કરવા પુરતા સક્ષમ ન હોય પંદર થી વીસ દીવસ પછી જરૂરથી કાર્યવાહી કરીશુ જેથી આરોપીનો પુરાવો હકક ખોલી આપવા અંગે હુકમ કરવા અરજ કરેલ છે.

૨. જે લગત ફરીયાદપક્ષે **આંક–૭૮**થી લેખીત વાંધા જવાબ રજુ રાખી જણાવેલ છે કે, તારીખ ૨૨/૧૦/૨૦૧૯નાં રોજ ફરીયાદપક્ષે કલોઝીંગ પુરશીશ આપેલ છે ત્યારબાદ સદર ફરીયાદ આરોપીના પુરાવા ઉપર છે અને આરોપીની જુબાની તારીખ ૧૯/૧૧/૨૦૨૨નાં રોજ લીધેલ. ત્યારબાદ આરોપીએ આંક–૬૦થી સાક્ષી તપાસવાની અરજી આપેલ છે જે નામદાર કોર્ટ તા.૧૨/૦૩/૨૦૨૫ના રોજ મંજુર કરેલ.ત્યારથી સદર ફરીયાદ આરોપીના સાક્ષી તપાસવાના સ્ટેજ ઉપર છે.ત્યારબાદ નામદાર કોર્ટ તરફથી આ કામના આરોપીને તા.૧૨/૦૩/૨૦૨૫, તા.૨૩/૦૪/૨૦૨૫, તા.૧૩/૦૫/૨૦૨૫, તા.૦૩/૦૬/૨૦૨૫ના રોજ સાક્ષી તપાસવા મુદત આપેલ.આ કામના આરોપીના સાક્ષી નામદાર કોર્ટમાં હાજર હતા પરંતુ આરોપી કે તેમના વકીલશ્રી નામદાર કોર્ટમાં હાજર રહેલ નહી અને સાક્ષીની જુબાની લેતા ન હોય નામદાર કોર્ટ તરફથી તા.૦૫/૦૮/૨૦૨૫ના રોજ આરોપીનાં સાક્ષી તપાસવાનો હકક બંધ કરવાનો હુકમ કરેલ ત્યારબાદ આ કામના આરોપીના વિ.વકીલશ્રીએ ફરીથી હકક ખોલવા અંગેની અરજી આપેલ જે અરજી સદર કેસ લંબાવવાના એક માત્ર હેતુથી આપવામાં આવેલ છે અને આ કામના આરોપી નામદાર કોર્ટમાં હાજર રહેતા નથી કે તેમના વિ.વકીલશ્રી હાજર રહેતા નથી તેથી સદર કેસની કાર્યવાહી જાણજોઈને લંબાવતા હોય અને વારંવાર અરજીઓ આપતા હોય જેથી હાલની આ કામની આરોપીનાં સાક્ષી તપાસવાનો હકક બંધ કરેલ છે તે હકક ખોલી આપવા માટે અરજી આપેલ છે તે કેસ લંબાવવાના આશયથી આપેલ હોય આરોપીનો હકક ખોલવાની અરજી સામે અમો ફરીયાદીને સખત વાંધો હોય જેથી હેવી કોસ્ટ સાથે અરજી નામંજુર કરવા હુકમ કરતા વાંધા રજુ રાખેલ છે.

૩.બંને પક્ષોની રેકર્ડ ઉપરની ઉપરોકત રજુઆત ધ્યાને લીધી.હાલના કેસનો કેસ રેકર્ડ વંચાણે લેતા એ હકીકત નિર્વિવાદીત છે કે,આ કામના ફરીયાદીએ પોતાનો પુરાવો **તા.૨૨/૧૦/૨૦૧૯**ના રોજ **આંક–૩૫** ની કલોઝીંગ પુરસીસ રજુ રાખી પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કર્યા બાદ આ કામે આજદિન સુધી બચાવપક્ષે પોતાનો પુરાવો રજુ રાખવા માટે **તા. ૨૦/૧૧/૨૦૧૯**ના રોજ નોંધવામાં આવેલ પોતાના વિશેષ નિવદેનમાં તેઓ સોગંદ ઉપર જુબાની આપવા તેમજ બચાવના સાહેદો તપાસવા તેમજ વિશેષમાં કંઈ કહેવુ છે તેમાં પુરાવો રજુ કરવો છે તેવુ જણાવેલ છે.ત્યારબાદથી આજ દિન સુધી પોતાના સાહેદો તપાસવા માટે બચાવપક્ષે **આંક–૪૭થી** આપેલ અરજી લગત **તા.૨૫/૦૩/૨૦૨૨**ના રોજ મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ હુકમ કરીને તે અરજી મંજુર કર્યા બાદ બચાવપક્ષે **આંક–૫૧થી** **તા.૦૫/૦૮/૨૦૨૨**ના રોજ સાહેદને ધોરણસર સમન્સ **તા.૧૦/૦૬/૨૦૨૨**ના રોજ બજી ગયા બાદ પુરસીસ આપી જાહેર કરેલ છે કે તેઓ બેંકના સાહેદના સાક્ષી તરીકે તપાસવા માંગતા નથી. ત્યારબાદ આરોપીએ આંક–**૫૨** થી **તા.૦૭/૧૦/૨૦૨૨**ના રોજ પોતાની સોગંદ ઉપરની જુબાની રજુ રાખેલ છે જે લગત **તા.૧૯/૧૧/૨૦૨૨**ના રોજ ફરીયાદપક્ષે ઉલટતપાસ કરી આરોપીની ઉલટતપાસ પુર્ણ થયેલ જાહેર કરેલ છે ત્યારબાદથી આજ દિન સુધી **આંક –૫૫**ની **તા.૧૨/૦૩/૨૦૨૫**ના રોજ સાક્ષી તપાસવાની અરજી મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ નામંજુર કર્યા બાદ બચાવપક્ષે **તા.૦૬/૦૮/૨૦૨૪**ના રોજ **આંક ૬૨**થી સાક્ષી તપાસવાની અરજી રજુ રાખી અને **આંક–૬૨**થી સાક્ષી તપાસવાની અરજી લગત **તા.૧૨/૦૩/૨૦૨૫**ના રોજ હુકમ કરી મારા પુરોગામી ન્યાયાધિશશ્રીએ સાક્ષીને સમન્સ કરવાનો હુકમ કરેલ ત્યારબાદ બચાવપક્ષે ગુજારેલ અરજ પરત્વેના સાહેદને ધોરણસર સમન્સની બજવણી થયેલ હોવા છતા પણ હાલના કામે સદર સાહેદને ન તપાસવા અંગે અથવા તો તપાસવા અંગે કોઈ લેખિત અરજ બચાવપક્ષે ગુજારેલ નથી.ત્યારબાદ નાછુટકે સદર કેસ સને ૨૦૧૮ના વર્ષનો ટારગેટેડ કેસ હોય જેથી અત્રેની અદાલત દ્વારા સમગ્ર રેકર્ડ ધ્યાને લઈ,બચાવપક્ષનો પુરાવો સને ૨૦૧૯ થી સને ૨૦૨૫ સુધી પુરતી ન્યાયિક તકો આપવા છતા પણ આશરે **૫** વર્ષ કરતા વધુ સમયથી સદર કેસ બચાવપક્ષના પુરાવાના સ્ટેટે પડતર રહેલ છે. જે જોતા,બચાવપક્ષના કસુરના કારણે હાલનો કેસ આટલા લાંબા સમયથી બચાવપક્ષના પુરાવાના સ્ટેજે પડતર રહેલ હોવાથી અત્રેની અદાલતે તેઓનો પુરાવાનો હકક બંધ કરેલ પરંતુ કેસનો ગુણદોષ પર

ન્યાયિક નિર્ણય થાય તો ન્યાયનો હેતુ જળવાઈ રહે સાથોસાથ અત્રેની અદાલતની એ પણ જોવાની ફરજ છે કે હાલનો કેસ ટારગેટેડ કેસ છે અને તેમાં બચાવપક્ષને ૫ વર્ષ ઉપરાંતનો પુરતો વ્યાજબી અને ન્યાયિક સમય પોતાનો પુરાવો રજુ કરવા માટે આપેલ છે છતાં પણ એક અંતિમ તક સ્વરૂપે ફરીયાદપક્ષનો કેસ બચાવપક્ષના કસુરના કારણે વિલબીત થયેલ હોય જેથી ન્યાયના વિશાળહિતમાં બચાવપક્ષનો પુરાવાનો હકક ખોલવા અંગે નીચે મુજબનો હુકમ કરવો ન્યાયી માનુ છુ.

**::હુકમ::**

આરોપીએ તા.૧૬/૦૯/૨૦૨૫ કે તે પહેલા આ કામના ફરીયાદીને રૂપિયા ૧૦,૦૦૦/- કોસ્ટ ચુકવ્યેથી હવે પછીની મુદત તા.૧૬/૦૯/૨૦૨૫ના રોજ પોતાનો પુરાવો અચુક રજુ રાખવાની શરતે ન્યાયના વિશાળહિતમાં બચાવપક્ષનો હકક ઓપન કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ- હળવદ
તારીખ:- ૦૯/૦૯/૨૦૨૫

(નિમિષા ગંગારામભાઈ સુરતી)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,હળવદ
કોડ નં.જી.જે.૦૦૭૧૧.